# છત્તીસગઢમાં ઋષિચિંતનને જન-જન સુધી પહોંચાડી રહેલ નવયુગના રીંછ-વાનર

**છુરા, જીલ્લા રાયપુર(છત્તીસગઢ)**માં ૨ ફેબ્રુઆરી થી ૫ ફેબ્રુઆરીની તારીખોમાં વિદ્યા વિસ્તારનું એક મહાન અનુષ્ઠાન ૧૦૮ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ ની સાથે યોજાઈ ગયું. તા-૪ ફેબ્રુઆરીના દિવસે આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજી છુરા પહોંચ્યા. તેમને સાંભળવા તથા આશીર્વાદ મેળવવા માટે લગભગ ૨૦ હજાર ભાવનાશાળી લોકોની વિશાળ જનમેદની ઉમટી પડી હતી.




છુરામાં યુગ સેનાનીઓની વિશાળ વાહિનીની સમક્ષ સ્મારિકા 'દેવભૂમિ'નું વિમોચન કરી રહેલ આદ.ડૉ.પ્રણવ પંડ્યાજી

આદરણીય ડૉ.સાહેબે પરમ પૂજ્ય ગુરુદેવ ના દિશા-નિર્દેશો પર ચાલી રામરાજ્યની સ્થાપના કરવા યુગ સેનાનીઓને ભગવાનનો પ્રેમ મેળવી જીવન સફળ બનાવવા કેટલાય મહત્ત્વપૂર્ણ સૂત્ર આપ્યા. પોતાના દીક્ષા ઉદ્‌બોધનમાં તેમણે કહ્યું કે સમર્પણ જ શિષ્યની સાચી કસોટી છે.જે પોતાને ગુરુના હાથોની કઠપુતળી માની લે છે, અને કોઈ પણ શંકા વગર અને બહાના વગર એમના નિર્દેશોનું પાલન કરે છે, તેને પરમ પૂજ્ય ગુરુદેવ જેવી મહાન ગુરુસત્તાથી શક્તિ અને સંરક્ષણ આવશ્યક પ્રાપ્ત થાય છે. એના સંદર્ભમાં તેમણે કેટલાય ઉદાહરણ બતાવ્યા, જેમાં આપણા યુગનિર્માણ આંદોલનમાં જ નગણ્ય-સામર્થ્યવાળા લોકોએ મોટા કામ કરી લીધા.

છુરાની જનસભામાં શાંતિકુંજ પ્રતિનિધિએ વિદ્યા વિસ્તારને 'રામસેતુ' નિર્માણ જેવું કાર્ય બતાવ્યું. તેમણે કહ્યું કે આપણે પોતાના ગુરુના ક્રાંતિકારી વિચારોના માધ્યમથી જ જન-જનના મનમાં પહોંચવાનું છે અને ત્યાં છુપાઈને બેઠેલા દુર્ગુણોને દૂર કરવાના છે. આ જ આજનું રામ-રાવણ યુદ્ધ છે. આ કાર્યક્રમમાં હજારો લોકોએ ગુરુદીક્ષા ગ્રહણ કરી.

છુરાના ૧૦૮ કુંડીય ગાયત્રી મહાયજ્ઞમાં જ્ઞાન વિસ્તારના અનેક પાસાઓ હતા. યજ્ઞની સાથે શ્રી શ્યામ બિહારી દુબેજીની ટોળી દ્વારા પ્રજ્ઞા પુરાણ કથા થઈ. ગાયત્રી પરિવાર જશપુરના કાર્યકર્તાઓએ સપ્ત આંદોલનો પર ખૂબ જ વિશાળ અને પ્રભાવશાળી પ્રદર્શની લગાવી હતી, જેને જોવા માટે પ્રબુદ્ધ વર્ગના લોકો દૂર-દૂરથી આવ્યા અને યુગનિર્માણ આંદોલન પ્રત્યે પોતાનું સમર્થન-સહયોગ વ્યક્ત કર્યો. સ્થાનીય પરિજનોએ સમાજમાં પ્રચલિત તમામ કુરિવાજો પર આકળા પ્રહાર કરનારા ગીત, નાટક, એકાંકી વગેરે રજુ કરી એની તરફ સફળતાપૂર્વક જનમાનસનું ધ્યાન આકર્ષણ કર્યુ.

ગુરુદીક્ષા પહેલાં આદરણીય ડૉ.સાહેબ શક્તિપીઠ પહોંચ્યા અને દેવ પ્રતિમાઓને નમન વંદન કર્યા. પોતાની સંક્ષિપ્ત યાત્રામાં તેમણે કાર્યકર્તાઓ સાથે ચર્ચા-પરામર્શ કરતાં સ્થાનીય યોજનાઓ પર માર્ગદર્શન આપ્યું.

## 'પહુંના'માં મુખ્યમંત્રીજી સાથે મુલાકાત

છુરાના મહાયજ્ઞ પછી પાછા ફરતાં આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજી છત્તીસગઢના મુખ્યમંત્રી માનનીય ડૉ.રમણસિંહના આમંત્રણ પર રાજકીય અતિથિ ગૃહ 'પહુંના' પહોંચ્યા. એમની સાથે રાજ્યના મુખ્ય પ્રતિનિધિ ડૉ.અરૂણ મઢરિયા, શ્રી નંદકિશોર સુરજન વગેરે પણ હતા. મુખ્યમંત્રીજીએ સપત્નીક શાંતિકુંજ પ્રતિનિધિઓનો કૌટુંબિક સ્તર પર હાર્દિક સ્વાગત કર્યુ. ત્યારબાદ તેમણે રાજ્યના વિકાસમાં નિરંતર આગળ પડતો ભાગ લઈ રહેલ ગાયત્રી પરિવારનો આભાર વ્યક્ત કર્યો. તેમણે આદરણીય ડૉ.સાહેબ સાથે રાજ્યના શૈક્ષણિક, સાંસ્કૃતિક પુનરુત્થાન અને આતંક જેવી મુખ્ય સમસ્યાઓના સમાધાન માટે પરસ્પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું. અહીં એ ઉલ્લેખનીય છે કે એક દિવસ પહેલાં જ ડૉ.રમન સિંહને સર્વોચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ તથા માનનીય શ્રી ટી.એન.શેષન દ્વારા **'ભારત અસ્મિતા જન પ્રતિનિધિ શ્રેષ્ઠ રાષ્ટ્રીય સન્માન' નો પુરસ્કાર મેળવ્યો** હતો. તેમણે એના નિમિતે મળેલા **સવા લાખ રૂપિયા**ની રોકડ રકમને રાજ્યમાં આતંકનો ભોગ બનેલ બાળકોના રક્ષણ, પાલન, સંસ્કાર સંવર્ધનની યોજનાઓ માટે આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજીને ભેટ આપી દીધા, જેને તેમણે ગાયત્રી પરિવાર, રાજનાંદગાઁવ દ્વારા ચલાવવામાં આવી રહેલ **'માઁ ભગવતી વાત્સલ્ય મંદિર'**ને સોંપી દીધા. રાજ્યમાં દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના શાખા મહાવિદ્યાલયની સ્થાપનાના સંદર્ભમાં પણ મુખ્યમંત્રીજી સાથે ચર્ચા થઈ.



છત્તીસગઢના મુખ્ય પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરી રહેલ મુખ્યમંત્રી ડૉ.રમનસિંહ આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજી

## દક્ષિણ ગુજરાતનું દિવ્ય અને ભવ્ય સંમેલન

દક્ષિણ ગુજરાતના નવસારી નગરમાં ૨૫૧ કુંડીય વિશાળ ગાયત્રી મહાયજ્ઞ સંપન્ન થયો. શ્રદ્ધાથી ઓતપ્રોત જનમેદની, યજ્ઞ સમારોહની દિવ્યતા તથા ભવ્યતા જોવા જેવી હતી. આ મહાયજ્ઞમાં તા-૧ ફેબ્રુઆરીના દિવસે અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના પ્રમુખ પ્રતિનિધિ આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજીની ઉપસ્થિતિએ જનભાવનાઓને યુગક્રાંતિની દિશામાં આંદોલિત કરી દીધા. તેમણે દક્ષિણ ગુજરાતના પરિજનોને માઁ ગાયત્રીને શક્તિપીઠો સુધી જ સીમિત ન રાખીને તેને વિશ્વમાતા બનાવવાની પ્રેરણા આપી.



આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજીએ નવસારીના કાર્યકર્તા સંમેલનમાં કહ્યું કે નવસારી, સુરત, વલસાડનો આખો વિસ્તાર હરિયાળીથી છવાયેલો છે. આ હરિયાળી અમારા આધ્યાત્મિક જીવનમાં પણ સાફ દેખાવી જોઈએ. આપણે યુગઋષિના શિષ્ય છીએ, એક આદર્શ ગુરુ અને સાચા બ્રાહ્મણના શિષ્ય છીએ. આપણે આદર્શોથી અસીમ પ્યાર કરતાં તપોમય જીવન જીવવું જોઈએ. આપણે સસ્તા પંડિત બનીને ન રહી જઈએ, બલ્કે ઉંચા આદમી બની, ઉંચા કામ કરો અને પોતાના સમાજનું માર્ગદર્શન કરો.

નવસારીના વિશાળ કાર્યકર્તા સંમેલનમાં આદરણીય ડૉ.સાહેબે જન્મશતાબ્દી વર્ષ સુધીના ત્રણ વર્ષોમાં 30 સાલનું કામ કરવા સ્વજનોનું આવાહન કર્યું. તેમણે કહ્યું કે 'હું અને મારું' મોટા કાર્યોની સફળતામાં સૌથી મોટુ વિઘ્ન હોય છે. આ યજ્ઞ સમારોહને એક યાદગાર સમારોહ બનાવવાનો સંકલ્પ લઈ આપણે પોતાના સંગઠન પ્રત્યે સમર્પિત થવાનું વ્રત લઈ લેવું જોઈએ.

એના પહેલાં પ્રાત: નવસારી પહોંચ્યા પછી શાંતિકુંજ પ્રતિનિધિએ યજ્ઞશાળામાં હજારો લોકોને દીક્ષા અપાવી. આ અવસર પર તેમણે ગાયત્રી મંત્રની વિવિધ રૂપમાં વ્યાખ્યા કરતાં તેને આત્મ પરિષ્કાર તથા જીવન નિર્માણની ધુરી બતાવી. તેમણે કહ્યું કે ગાયત્રીના સાધકને એક વિરાટ દેવ પરિવારના સભ્ય હોવાનું ગૌરવ અનુભવ કરવો જોઈએ. તેને પોતાના જીવનમાં ગુરુની પ્રેરણા તથા ગુરુકૃપાનો અનુભવ કરવાનું આવડવું જોઈએ. તેને ધન, યશ, વૈભવ, અહંકાર વગેરેની સંકીર્ણતાઓને તોડી પ્યાર અને સહકારથી પોતાના 'સ્વ'નો નિરંતર વિસ્તાર કરવો જોઈએ. પોતાની ગુરુસત્તા પર દૃઢ વિશ્વાસ શિષ્યની સૌથી મોટી શક્તિ છે. આપણા ગુરુની સામર્થ્ય અનંત છે, આપણે પોતાની પાત્રતાના વિસ્તાર કરીને જોઈશું તો એમના અનુદાનોથી દરેક પાત્ર નાના પડતા જશે.

## ઉપાસક છીએ, પરંતુ કયા ભગવાનના? (પાના નંબર-૧ નું ચાલુ)

''જે કંઈ થાય છે ઈશ્વરની ઈચ્છાથી જ થાય છે.'' એવું માનનારા આળસું અને અકર્મણ્ય બનીને પોતાની હીન સ્થિતિનો દોષ ઈશ્વરને લગાવતા રહે છે અને પ્રગતિ માટે પ્રતિક્ષા કરતા રહે છે કે જ્યારે પણ ઈશ્વરની ઈચ્છા થઈ જશે, ત્યારે અનાયાસ બધુ થઈ જશે. આવા લોકો અનીતિ અને અત્યાચારોને પણ ઈશ્વરેચ્છા માનીને ચુપચાપ સહન કરતા રહે છે.

આસ્તિકતાનું અસલી સ્વરૂપ ભૂલીને જે અવિવેકપૂર્ણ ધારણા આપણે અપનાવી, એના કારણે આપણે ખરેખર ઈશ્વરથી વધારે દૂર થતા ગયા. આસ્તિકતાના નામ પર આપણે બનાવટી પૂજા-પાઠનો જે ભાવ અપનાવ્યો, એનાથી આપણે મેળવ્યું કંઈ જ નહીં, માત્ર ખોયુ જ છે. યુગ-નિર્માણ યોજનાની અંતર્ગત જે આસ્તિકતાનો પ્રસાર કરવામાં આવી રહ્યો છે, એમાં જપ, તપ, હવન, પૂજન, ભજન, ધ્યાન, કથા, કીર્તન, તીર્થ, પાઠ, વ્રત, અનુષ્ઠાન વગેરે માટે પરિપૂર્ણ સ્થાન છે, પરંતુ સાથે જ સમસ્ત શક્તિ લગાવીને દરેક આસ્તિકના મનમાં એ સંસ્કાર જમાવવામાં આવી રહ્યા છે કે ઈશ્વરને નિષ્પક્ષ, ન્યાયકારી અને ઘટ-ઘટ વાસી સમજતાં કુવિચારો અને દુષ્કર્મોથી ડરે અને એનાથી બચવાનો પ્રયત્ન કરે. પ્રત્યેક પ્રાણીમાં ઈશ્વરને સમાયેલો સમજી એની સાથે સજ્જનતાપૂર્ણ સદ્‌વ્યવહાર કરવામાં આવે. કર્ત્તવ્યપાલનને જ ઈશ્વરની પ્રસન્નતાનો સૌથી મોટો ઉપહાર માને અને પ્રભુના આ સુંદર વાટિકા-પૃથ્વીમાં વધારે સુખ-શાંતિ વિકસિત કરવા માટે એક ઈમાનદાર માળીની જેમ સચેષ્ટ બની રહે. પોતાના અંત:કરણને એટલું નિર્મલ અને પવિત્ર બનાવવામાં આવે કે એમાં ઈશ્વરનો પ્રકાશ સ્વયં જ ઝગમગવા લાગે. પ્રાર્થના માત્ર સદ્‌બુદ્ધિ, સદ્‌ગુણ, સદ્‌ભાવના, સહનશીલતા, પુરુષાર્થ, ધૈર્ય, સાહસ અને સહિષ્ણુતા માટે આવશ્યક ક્ષમતા પ્રાપ્ત કરવા માટે જ કરવામાં આવે. પરિસ્થિતિને ઉકેલવા અને અભાવોની પૂર્તિ માટે જે સાધનો આપણને મળ્યા છે, તેને જ પ્રયોગમાં લાવવામાં આવે અને સંઘર્ષનું જીવન હસતાં-ખેલતા વિતાવી મનને સમતોલિત રાખવામાં આવે. આ જ બધા આસ્તિકતાના સાચા લક્ષણ છે. યુગ નિર્માણ યોજનાનો પ્રયત્ન એ છે કે આ લક્ષણોથી યુક્ત ભક્તિ અને પૂજાની ભાવનાને જન-માનસમાં સ્થાન મળે અને સાચી આસ્તિકતાને અપનાવવા માટે માનવ માત્રનું અંત:કરણ ઉત્સાહિત થવા લાગે.

**પ્રેમ જ આત્માનો પ્રકાશ છે. જે આ પ્રકાશમાં જીવનપથ પર અગ્રેસર થાય છે, તેને સંસાર શૂલ નહીં ફૂલ નજર આવે છે.**